ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તાઃ ૨૪/૮/૨૦૨૦

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ઇમ્પોર્ટન્સ ઓફ ઈફેકટીવ બિઝનેસ કોમ્યુનિકેશન એન્ડ એટીકેટ્સ વિશે વેબિનાર યોજાયો

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શુક્રવાર, તા. ૨૧ ઓગષ્ટ, ૨૦૨૦ના રોજ 'ઇમ્પોર્ટન્સ ઓફ ઇફેકટીવ બિઝનેસ કોમ્યુનિકેશન એન્ડ એટીકેટ્સ' વિષય ઉપર વેબિનાર યોજાયો હતો. જેમાં મહિલા ઉદ્યોગ સાહસિક અને કોચ નીશા આનંદે કલાયન્ટ સાથે વ્યવહારિક સંબંધો વિકસાવવાની દિશામાં માર્ગદર્શન આપ્યું હતું.

નીશા આનંદે જણાવ્યું હતું કે, કોઇપણ કંપનીમાં કર્મચારીઓ સાથે કોમ્યુનિકેશન માટે સારા સંબંધ જાળવવા જરૂરી છે. કર્મચારી માટે પ્રેમ અને ડર આ બંનેમાંથી પ્રેમ એ સૌથી શ્રેષ્ઠ ઉપાય છે. જો તમે ડરાવીને કન્ટ્રોલ કરીને કર્મચારીને રાખશો તો તે સંબંધ અમુક સમય પૂરતો જ કામ કરશે અને આઉટપુટ પણ એ રીતે જ મળશે. પરંતુ જો કર્મચારી સાથે પરિવારના સદસ્ય જેવું વર્તન કરીને કામ લેવામાં આવશે તો તેનું આઉટપુટ સારું મળી રહેશે. આવી રીતે તમારે તમારા કલાયન્ટ સાથે પણ સારા રિલેશન રાખવા પડશે. જેના માટે કોમ્યુનિકેશન સારું હોવું અત્યંત જરૂરી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, કોમ્યુનિકેશનમાં બોડી લેંગ્વેજ ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે. બોડી લેંગ્વેજથી તમારો આત્મવિશ્વાસ જોવા મળે છે. અન્ય મહત્વની બાબત વિશ્વાસ છે. જ્યારે કોઇ કલાયન્ટ તમારી સાથે જોડાય છે ત્યારે એ તમારા ઉપર વિશ્વાસ કરે છે. કલાયન્ટને વિશ્વાસમાં રાખવા પાંચ બાબતો ખૂબ જ મહત્વની હોય છે. જેમાં કોમ્પીટન્સ, કન્સીસ્ટન્સી, લોયલ્ટી, ઓપનનેસ અને ઇન્ટીગ્રિટીનો સમાવેશ થાય છે.

ઇન્ટીગ્રિટી એટલે કે તમે પ્રોમિસ કર્યું છે તેટલું જ આપવું. આથી તમે જેટલું આઉટપુટ આપી શકો છો તેનાથી વધારે માત્રામાં કોઇ દિવસ પ્રોમિસ ન કરો.

ચેમ્બરની મેનેજિંગ કમિટીના સભ્ય દીપકકુમાર શેઠવાલાએ વેબિનારનું સંચાલન કર્યું હતું. જ્યારે ડો. બંદના ભટ્ટાચાર્યએ વક્તાનો પરિચય આપ્યો હતો. અંતે ભાવેશ ગઢીયાએ સર્વેનો આભાર માની વેબિનારનું સમાપન કર્યું હતું.